# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૩૦/ક્વા-૩/૧૯-૨૦/ ૨૫૪૬-૮** **તા. ૦૧-૦૬-૨૦૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૩૦/ક્વા-૩/૧૯-૨૦**

અરજદાર: મુખ્ય ઇજનેર શ્રી બાંધકામ વિભાગ ગામ: રાજકોટ સબડીવીઝન : રૈયારોડ-રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે એમ.એમ.ઝાલા અને હાર્દિક માદળિયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મેહતા પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ અને નાયબ ઈજનેર શ્રી આર.એસ. જાડેજા- રૈયારોડ પેટાવિભાગીય કચેરી હાજર રહેલ છે

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર ટેકનીકલ- શ્રી પી.એચ. માવાણી
૩) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૨-૦૩-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૭-૦૧-૨૦૨૦ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદારના પ્રતિનિધિ શ્રી અમિત સી. દવે અને એમ.એમ.ઝાલા હાજર રહેલ જયારે સામાવાળા તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મેહતા પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ રહેલ હતા. સદર મીટીંગમાં સ્થળ તપાસની વિગતો રજુ કરવા સામાવાળા ને સુચના આપવામાં આવેલ ત્યારબાદ તા.૨૯.૦૧.૨૦૨૦ ના રોજ સદર કેસની સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર ગેરહાજર રહેતા સુનાવણીની વધુ એક તક આપવા અરજદારે લેખીત પત્ર તા.૨૨.૦૧.૨૦ ના અનુસંધાને સદર કેસની સુનાવણી તા.૧૨.૦૩.૨૦૨૦ (ગુરુવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મુખ્ય ઇજનેર શ્રી બાંધકામ વિભાગ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૩૦/ક્વા-૩/૧૯-૨૦ માં માં જણાવે છે કે, કુલ સચિવ શ્રી સૌરાષ્ટ્ર યુનિ. ના નામે વીજજોડાણ ગ્રાહક નં.–૬૧૬૧૫/૦૧૯૦૪/૯ થી વોટરવર્કસ

– પી.આર. કેટેગરીનુ વીજજોડાણ ધરાવે છે, જેનુ વીજબીલ માહે ઓગષ્ટ–૧૯ બીલ્ડ ઈન સપ્ટેમ્બર– ૧૯ માં ૮૨,૩૧૯ યુનીટ નુ રૂ.૫,૭૪,૨૨૦/૦૫ નુ અપાયેલ છે. જે અવાસ્તવિક અને ખૂબજ વધુ હોય – અરજદારે વાંધા સાથે રૂ.૧,૯૨,૦૪૪/૪૮ ભરપાઈ કરવા અંગે સહમતી માંગેલ – પરંતુ સબંધક અધિકારી દ્રારા બીલ ની રકમ પૂરી ભરપાઈ કરવા જણાવેલ– જે અન્વયે અરજદારે વીજજોડાણને ન કાપવા – તેમજ કોઈ દંડનીય કાર્યવાહી ન કરવા અને ન્યાય આપવા– **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- રૈયારોડ સબડીવીઝન ના ગ્રાહક નંબર-૬૧૬૧૫/૦૧૯૦૪/૯ કેટેગરી WW-PR કુલ સચિવ શ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ,રાજકોટ ના નામે કનેક્શન ધરાવે છે જેના વીજ બીલ બાબતે ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે. સદર સ્થળે બોર આવેલ છે. ઓરડી માં જ્યાં બોર નું કનેક્શન લાગેલ છે તે ઓરડી બંધ રહે છે, વારંવાર મીટર રીડરો દ્વારા તથા ઓફિસ દ્વારા સૂચના આપવા છતાં ઓરડી ખોલી આપતા ન હોય અગાઉ કંપની ના નિયમોનુસાર લોક ના બિલ બનવા પામેલ છે ઓગસ્ટ -2019 બિલ્ડ ઇન સપ્ટેમ્બર -2019 માં ઓરડી નું લોક ખોલતા** 82319 **યુનિટનું રુપિયા** 574219.84 **નું બિલ બનવા પામેલ છે.**

3.૧ **સદર મીટર તારીખ 03.09.2019 ના રોજ બદલાવેલ જેનું લેબ રોજકામ 10.09.2019 ના રોજ થયેલ તે સમયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના એંજિનિયર શ્રી અમિતભાઈ ચંદુભાઈ દવે હાજર રહેલ , જેમને પણ લેબ રોજકામ મુજબ ના આવેલ યુનિટ બતાવેલ જે ભરવાપાત્ર થાય છે. જેથી ગ્રાહકે વાંધા અરજી સાથે રુપિયા** 192044.00 **રસીદ નં VQ559255 તારીખ** 03.12.2019 **ના રોજ ભરેલ છે. ત્યારબાદ ગ્રાહક દ્વારા પી.જી.વી.સી.એલ./સી.જી.આર.એફ./30/કવા-03 2019-20/7880 તારીખ 02.12.2019 ના રોજ સી.જી.આર.એફ. માં અરજી કરેલ છે.**

3.૨ **ત્યારબાદ તારીખ 04.12.2019 ના રોજ સાયકલ -1 ના બિલિંગ વખતે મીટર રીડર ને સાથે રાખી રૈયા રોડ સબ ડિવિજન ના જુનિયર આસી. સુનિલ એન ગોસાલિયા દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના કનેક્શન ચેક કરતી વખતે અમુક કનેક્શનો જે કોઈ વ્યક્તિ પાસે ચાવી હોય તેમને અવાર – નવાર ફોન કરવા છતાં સમયસર આવીને લોક ખોલી આપતા નથી ,તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના એંજિનિયર ને પણ લોક ખોલવા માણસ ને મોકલવા જાણ કરવા છતાં સમયસર લોક ખોલી આપતા નથી, જેથી મીટર રીડર ના સમય નો બગાડ થાય છે જેથી લોક ના બિલ બનવા પામેલ છે.**

3.3 **ફોરમ કમિટીની સુચના મુજબ સામાવાળા દ્વારા સદર વીજ જોડાણ ના વિજસ્થાપન ની સ્થળ તપાસ તા.૨૭.૦૧.૨૦૨૦ ના રોજ અરજદારના પ્રતીનીધીની હાજરીમાં કરેલ જેનો રીપોર્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર રૈયારોડ સબડીવીઝન હેઠળ ગ્રાહક નંબર-૬૧૬૧૫/૦૧૯૦૪/૯ ટેરીફ-WW-PR- કુલસચિવ શ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ,રાજકોટ ના નામે કનેક્શન ધરાવે છે.**

૪.૨ વીજબીલ માહે ઓગષ્ટ–૧૯ બીલ્ડ ઈન સપ્ટેમ્બર– ૧૯ માં ૮૨,૩૧૯ યુનીટ નુ રૂ.૫,૭૪,૨૨૦/૦૫ નુ **બીલ તા. ૧૭-૦૮-૧૯ના રોજ** અપાયેલ છે. જે અવાસ્તવિક અને ખૂબજ વધુ હોય અરજદારે વીજજોડાણને ન કાપવા – તેમજ કોઈ દંડનીય કાર્યવાહી ન કરવા અને ન્યાય આપવા– **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

૪.૩ **ઉપરોક્ત બાબતે અરજદારની રજૂઆત તા.૨૨.૦૮.૨૦૧૯ થી રૈયારોડ પેટાવિભાગીય કચેરી માં કરેલ તે મુજબ મીટર રીડિંગમાં અથવા મીટર જંપ મારી ગયું હોય તેવું જણાય છે જેથી સદર બાબતે રીચેકિંગ કરી સાચું બીલ આપવા વિનંતી કરેલ છે.**

૪.૪ **ઉપરોક્ત બાબતે સામાવાળા દ્વારા તા.૦૩.૦૯.૨૦૧૯ ના રોજ ચેકિંગ શીટ નં.RCC ૯૬૬૭૧ થી અરજદારના પ્રતીનીધીની હાજરીમાં સદર મીટર ઉતારી પેપર પેક કરેલ અને પ્રોફોર્મા-૧૫ નં. RCC૯૨૧૦૩૪ થી નવું મીટર લગાડી વીજ જોડાણ કરી આપેલ જેની વિગતો નીચે મુજબ છે. જોડાયેલ વિજભારમાં ૧૫ હો.પા. ની ૨(બે) પાણીની મોટર દર્શાવેલ છે. જેમાં વીજમીટરની તપાસણી માટે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૪.૦૯.૧૯-૧૦.૦૯.૧૯ અને ૧૮-૦૯-૧૯ માંથી કોઈ એક**

તારીખે હાજર રહેવાની નોંધ કરેલ છે.

| Particulars | Old Meter Replaced Dt.03.09.19 | New Meter Installed Dt.03.09.19 | Old Meter-Testing MT Lab Dt. 10.09.19 |
|---|---|---|---|
| Make | AVON | GENUS | AVON |
| Meter No | ૯૮૦૪૬૪ | ૧૭૫૮૮૬ | ૯૮૦૪૬૪ |
| Capacity | ૧૦-૬૦ Amp | ૧૦૦/૫ Amp | ૧૦-૬૦ Amp |
| C. Reading | ૧૪૭૮૪૭ | ૦૦૦૦૨ | ૧૪૭૮૪૭ |

મીટર ટેસ્ટીંગ લેબોરેટરી માં સદર મીટરની તપાસણી અરજદારના પ્રતિનિધિની હાજરીમાં તા.૧૦.૦૯.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ તે મુજબ અક્યુચેક ટેસ્ટ બરાબર છે તેમજ છેલ્લા રીડીંગ ૧૪૭૮૪૭.૩ KWH અને BMD-૩૮.૮૬KW દર્શાવેલ છે. સદર મીટરના MRI રીપોર્ટ મુજબ નીચે મુજબના પેરામીટર નોંધાયેલ છે.

૪.૫ ત્યારબાદ અરજદારની રજૂઆત લેખીત પત્ર તા.૨૨.૧૧.૨૦૧૯ મુજબ છેલ્લા ૨-વર્ષમાં સૌથી વધુ જે બીલ આવેલ છે તેનો આધાર લઈને બીલ બનાવી આપવા તેમજ જે બીલની રકમ ભરપાઈ કરવાની સહમતી દર્શાવેલ છે. તે મુજબ ૬૩૬૭ યુનિટ ની રકમ રૂ.૪૮૦૧૧.૧૨ આવેલ હોય જેથી ૪-મહિનાનું જે લોક બીલ આપેલ છે તેની રકમ રૂ.૧૯૨૦૪૪.૪૮ વાંધા અરજી સાથે તા.૦૩.૧૨.૨૦૧૯ ના રોજ ભરેલ છે.

૪.૬ અરજદારના પ્રતિનિધિશ્રી ની હાજરીમાં બે વખત સ્થળ ચકાસણી કરતા નીચે મુજબની હકીકતો જાણવા મળેલ.

(૧) સદરહુ વીજ-જોડાણનું તા.૧૦.૦૧.૨૦૨૦ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિ શ્રી કીરીટભાઈ સતાસિયાની હાજરીમાં ચકાસણી કરતા મીટરના લોડ સાઈડ માંથી બે બોરમાં અલગ-અલગ કાળા રંગનો કેબલ જતો માલુમ પડેલ, સ્થળ પર ચકાસણી કરતા બન્ને બોરની મોટર દ્વારા વીજ વપરાશ ચાલુ માલુમ પડેલ. સ્થળ પર લીધેલ (બન્ને મોટરનો ટોટલ લોડ) ફેઈજ વાઇઝ એમ્પીયર નીચે મુજબ માલુમ પડેલ.

- Ar = 62.160 Amp
- Ay = 62.240 Amp
- Ab = 63.220 Amp

(૨) વધુમાં આપ સાહેબ ને જણાવવાનું કે ગ્રાહકના પ્રતિનિધિ શ્રી અમિતભાઈ દવેની હાજરીમાં તા.૨૭.૦૧.૨૦૨૦ ના રોજ સદરહુ વીજ-જોડાણની સ્થળ ચકાસણી કરવામાં આવેલ. સદરહુ ચકાસણી દરમિયાન પણ બન્ને બોર ની મોટર દ્વારા સતત વીજ વપરાશ ચાલુ માલુમ પડેલ. સદરહ ચકાસણી જુ.ઈ. લેબ ની હાજરીમાં કરવામાં આવેલ અને સ્થળ પર મીટર ની MRI પણ લીધેલ. સદરહુ ચકાસણી દરમિયાન પણ બંને મોટરનો ટોટલ લોડ નીચે મુજબ માલુમ પડેલ.

- Ar = 62.30 Amp
- Ay = 62.22 Amp
- Ab = 63.00 Amp

સદર વીજ જોડાણમાં નવા મીટરના MRI રીપોર્ટ તા.૨૭.૦૧.૨૦૨૦ પ્રમાણે નીચે મુજબના પેરામીટર નોંધાયેલ છે.

| Parameter | R-Ph | Y-Ph | B-Ph |
|---|---|---|---|
| Line Current- Amp | 62.300 | 62.220 | 63.00 |
| Phase Voltage- Volt | 229.2 | 230.6 | 227.8 |
| Power factor | 0.900 | 0.900 | 0.901 |
| Max. Demand | 38.800KW Date and Time 22.01.20, 02.00 | | |

આમ, બે અલગ-અલગ વખતે ગ્રાહકના પ્રતિનિધિ શ્રી ની હાજરીમાં કરેલ સ્થળ ચકાસણી દરમિયાન બંને મોટરો દ્વારા સતત વીજ-વપરાશ ચાલુ રેહેતો હોય તેવું સ્પષ્ટપણે ફલિત થયેલ છે. તેમજ કોઈપણ ગેરરીતી

જણાયેલ નથી.

૪.૭ અરજદારના સદર વીજ જોડાણમાં PRT-૧૪૫ મુજબ થયેલ વીજ વપરાશ ની વિગતો નીચે મુજબ છે.

| Month/ Year | 2017 | | | 2018 | | | 2019 | | | 2020 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| JAN | 601947 | | 7003 | 669521 | | 2696 | 59577 | | 4447 | 16682 | | 3335 |
| FEB | 606812 | | 4865 | 671580 | | 2059 | 60815 | | 1238 | 25606 | | 8924 |
| MAR | 611941 | | 5129 | 673942 | | 2362 | 62031 | | 1216 | | | |
| APR | 617466 | | 5525 | 676523 | | 2581 | 62031 | L | 2300 | | | |
| MAY | 623385 | | 5919 | 678385 | | 1862 | 62031 | L | 2300 | | | |
| JUN | 631860 | | 8475 | 680130 | | 1745 | 62031 | L | 0 | | | |
| JUL | 639117 | | 7257 | 38614 | C | 38612 | 62031 | L | 0 | | | |
| AUG | 645667 | | 6550 | 42926 | | 4312 | 144350 | | 82319 | | | |
| SEP | 652421 | | 6754 | 45707 | | 2781 | 2872 | C | 6367 | | | |
| OCT | 659441 | | 7020 | 49710 | | 4003 | 7176 | | 4304 | | | |
| NOV | 662645 | | 3204 | 53214 | | 3504 | 11045 | | 3869 | | | |
| DEC | 666825 | | 4180 | 55130 | | 1916 | 13347 | | 2302 | | | |
| Total | | | 71881 | | | 68433 | | | 110662 | | | 12259 |
| Monthly Average | | | 5990 | | | 5703 | | | 9221.8 | | | 6130 |

૪.૮ સદર વીજ જોડાણમાં નવું મીટર લગાડ્યા બાદ થયેલ વીજ વપરાશની વિગત મીટરના MRI રીપોર્ટ તા.૨૭.૦૧.૨૦૨૦ પ્રમાણે નીચે મુજબના પેરામીટર નોંધાયેલ છે.

| As per MRI | | | | As per Billing | | | |
|---|---|---|---|---|---|---|---|
| Parameter | CKWH | Conump. | MD-KW | Date | CKWH | Conump. | M. Status |
| Sep-18 | 46825.74 | *** | 17.76 | **25.09.18** | 45707 | *** | |
| Oct-18 | 52161.73 | **5335.99** | 18.88 | **27.10.18** | 49710 | 4003.00 | |
| Nov-18 | 58185.06 | 6023.33 | 19.38 | **22.11.18** | 53214 | 3504.00 | |
| Dec-18 | 64088.59 | 5903.53 | 35.28 | **19.12.18** | 55130 | 1916.00 | |
| Jan-19 | 75776.31 | 11687.72 | 36.54 | **17.01.19** | 59577 | 4447.00 | |
| Feb-19 | 88272.97 | 12496.66 | 35.2 | **12.02.19** | 60815 | 1238.00 | |
| Mar-19 | 97234.97 | 8962.00 | 33.84 | **18.03.19** | 62031 | 1216.00 | |
| Apr-19 | 111373 | **14138.05** | 33.78 | **11.04.19** | 62031 | 2300.00 | L |
| May-19 | 121000.5 | 9627.48 | 25.06 | **14.05.19** | 62031 | 2300.00 | L |
| Jun-19 | 130823.1 | 9822.55 | 22.54 | **20.06.19** | 62031 | 0.00 | L |
| Jul-19 | 141076.9 | 10253.84 | 22.02 | **18.07.19** | 62031 | 0.00 | L |
| Aug-19 | 147599.3 | 6522.36 | 38.86 | **17.08.19** | 144350 | 82319.00 | |
| Sep-19 | 147847.8 | 248.56 | 21.86 | **19.09.19** | | | C |

સદર કેઈસ મા, એમ.આર.આઈ. અહેવાલ મુજબ– છેલ્લા ૧૨ માસીક ડેટા અને મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ મુજબ **નોંધાયેલા યુનિટ નો અભ્યાસ કરતા Oct–18 થી Aug–19 ના સમયગાળા દરમિયાન MRI રીડીંગ તથા મીટર રીડર દ્વારા નોંધવામાં આવેલ મીટર રીડિંગમાં ખૂબ જ મોટો તફાવત જોવા મળેલ છે. સદર રેકોર્ડનો વિગતવાર અભ્યાસ કરતા એ બાબત સ્વયંસ્પષ્ટ છે કે:-**

1. **મીટર** રીડર **દ્વારા વાસ્તવિક રીતે મીટર રીડીંગ લેવામાં આવેલ નથી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જવાબદાર કર્મચારી/ અધિકારી દ્વારા બંધ ઓરડી ની ચાવી મીટર** રીડરને **યોગ્ય સમયે ઉપલબ્ધ થાય તેવી યુનિવર્સિટી દ્વારા કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ નથી.**

2. **ઉપરોક્ત સંજોગોમાં મીટર** રીડર **દ્વારા** Lumpsum **મીટર રીડીંગ ની નોંધ કરીને અથવા લોક સ્ટેટસ**

દર્શાવીને Oct-18 થી Aug-19 સુધી વીજ બિલો આપવામાં આવેલ છે. આ તમામ બિલોમાં દર્શાવેલ મીટર રીડીંગ તથા MRI મુજબના જે તે સમયના મીટર રીડીંગ માં ખૂબ જ મોટો તફાવત જોવા મળેલ છે. જેના હિસાબે ઉપરોક્ત સમયગાળા માટે ૮૨૩૧૯ યુનિટ Accumulate થયેલ છે. આ સંજોગોમાં આ પેન્ડિંગ યુનિટનું બિલ રૂપિયા રૂ.૫,૭૪,૨૨૦/૦૫ નું ટોટલ બીલ લોક ખુલતા ઓગસ્ટ-૧૯ બીલ્ડ ઇન સપ્ટેમ્બર-૧૯ માટે આપવામાં આવેલ છે.

3. એપ્રિલ'૧૯- મે-૧૯- જુન'૧૯-જુલાઇ'૧૯ સતત ૦૪-માસ સુધી લોક બીલ આપવા છતાં યુનિવર્સિટીના જવાબદાર અધિકારી/ કર્મચારી દ્વારા પીજીવીસીએલના સક્ષમ અધિકારીનું યોગ્ય સમયે ધ્યાન દોરવામાં આવેલ નથી.

4. પીજીવીસીએલ મીટર રીડીંગ એજન્સી તથા યુનિવર્સિટી લેવલે સંયુક્ત રીતે યોગ્ય સમયે કરેક્ટ મીટર રીડીંગ નું બિલ બને તે માટે નિષ્ઠાપૂર્વકના કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી.

5. કોઈપણ મીટર માં નોંધાયેલ અગાઉના 12(બાર) માસની પ્રતિદિન જાણકારી માટે MRI ડેટા Technically Correct Evaluation દર્શાવે છે.આ સંજોગોમાં MRI ડેટા છેલ્લા 12 માસની Correct Behaviour દર્શાવે છે.

6. MRI રિપોર્ટમાં૧૨(બાર)માસ થી પહેલા નો ડેટા ટેકનિકલી મળી શકતો નથી. આ સંજોગોમાં વર્ષ ૨૦૧૭ તથા વર્ષ ૨૦૧૮ ના જુના મીટરના મીટર રીડીંગ ની Correct Behaviour મળી શકે નહીં. આ સંજોગોમાં વર્ષ ૨૦૧૭ તથા વર્ષ ૨૦૧૮ ની એવરેજ સાથે વર્ષ ૨૦૧૯ ની એવરેજ ની સરખામણી કરી શકાય નહીં .

7. સદર કનેક્શનનો વપરાશ 40 કિલો વોટના કોન્ટ્રાક્ટ લોડ માટે દીપચંદ ગાર્ડીના ૨ (બે) બોર માટે 15 એચપી ની બે મોટર દ્વારા યુનિવર્સિટી કેમ્પસની તથા સ્વિમિંગ-પૂલની જરૂરિયાત માટે થાય છે. Oct-18 થી Aug-19 ના MRI રીડીંગ નો અભ્યાસ કરતા monthly demand 17.76KW to 38.86KWની ડિમાન્ડનું રેકોર્ડીંગ જોવા મળેલ છે તેમજ માસિક 5335 યુનિટ થી 14138 યુનિટ સુધી નો વપરાશ જોવા મળેલ છે. આમ સદર કનેક્શનમાં કનેક્ટેડ વીજભાર ના working hours અનિયમિત જોવા મળેલ છે.

8. સદર કનેક્શન વાળા મીટરનું તારીખ 10/ 9/ 2019 ના રોજ લેબોરેટરી ઇન્સ્પેક્શન કરતા મીટરમાં કોઈપણ પ્રકારની ડિફેક્ટ જોવા મળેલ નથી.

9. આ સંજોગોમાં લેબોરેટરી રીપોર્ટ માં દર્શાવેલ છેલ્લા રીડિંગ 147847 તથા MRI રિપોર્ટમાં દર્શાવેલ છેલ્લા રીડીંગ 147847 ના અનુસંધાને ઓગસ્ટ-૧૯ બીલ્ડ ઇન સપ્ટેમ્બર-૧૯ માટે 82319 KWH માટે આપવામાં આવેલ એનર્જી બિલ રૂપિયા રૂ.૫,૭૪,૨૨૦/૦૫ પૈસા નિયમને સુસંગત છે. અરજદાર ની રજૂઆત મુજબ આ બિલ રદ કરી શકાય નહીં.

10. **ઓક્ટોબર-૨૦૧૮ થી ઓગસ્ટ-૧૯ ના સમયગાળા માટે મીટરરીડર દ્વારા દર્શાવવામાં આવેલ ખોટા રીડીંગ માટે પીજીવીસીએલના જવાબદાર કર્મચારી/અધિકારી વિરુદ્ધ શિસ્તભંગ ની કાર્યવાહી કરવાની તથા મીટર રીડિંગ એજન્સી વિરુદ્ધ કોન્ટ્રાક્ટની શરત ભંગ માટે પેનલ્ટીની તેમજ નિયમ મુજબની કાર્યવાહી કરવાની** પીજીવીસીએલ **ને સૂચના આપવામાં આવે છે.**

11. **અરજદારની અરજી** Dismiss **કરવામાં આવે છે. સદર તકરાર** નો આ તબ્બકે નિકાલ કરવામા આવે **છે.**

| | | |
|---|---|---|
| (કે. જે. મોટાણી) | (પી. એચ. માવાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

.........................................................................................................................................................................

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.